તા.૨૮/૦૨/૨૦૨૫
સામાન્ય સભા

આજ રોજ તા.૨૮/૦૨/૨૦૨૫ નાં રોજ પલસાણા ગ્રામ પંચાયત તા. પલસાણાની સામાન્ય સભા સરપંચશ્રી પ્રવિણભાઇ પરસોત્તમભાઇ આહિર નાં અધ્યક્ષપણા હેઠળ ગ્રામ પંચાયત કચેરી, પલસાણા ખાતે બપોરે ૧૨-૦૦ કલાકે મળી જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓની હાજરીમાં થયેલ સભાની કાર્યવાહી નોંધ

**હાજર સભ્યો:-**

(૧)શ્રી પ્રવિણભાઇ પરસોત્તમભાઇ આહિર — સરપંચશ્રી
(૨)શ્રી પરેશભાઇ હસમુખભાઇ મૈસુરીયા — ઉપસરપંચશ્રી
(૩)શ્રી દિનેશભાઇ છનાભાઇ રાઠોડ — સભ્યશ્રી
(૪)શ્રીમતી શ્રધ્ધાબેન મેહુલકુમાર પટેલ — સભ્યશ્રી
(૫)શ્રી દિવ્યેશકુમાર ચંપકભાઇ ઢીંમર — સભ્યશ્રી
(૬)શ્રીમતી ગાયત્રીબેન નિલેશભાઇ રાઠોડ — સભ્યશ્રી
(૭)શ્રીમતી લક્ષ્મીબેન પ્રફુલભાઇ પટેલ — સભયશ્રી
(૮)શ્રી તેજસકુમાર પંકજભાઇ દેસાઇ — સભ્યશ્રી

ઉપર મુજબના તમામ હાજર સભ્યશ્રીઓ હાજર રહેતા કોરમ થવાથી સભાની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

કામ નં ૧ ગત સભાની કાર્યવાહી વાંચનમાં લેવા બાબત.
ઠરાવનં ૧ આજની સભામાં ગત સામાન્ય સભાની કાર્યવાહી નોંધનું વિગતવાર વાંચન કરવામાં આવ્યું. ગત સભાની કાર્યવાહી નોંધ કોમ્પયુટરાઇઝડ
તમામ સભ્યોને આપવમાં આવેલ છે. ગત સભાની કાર્યવાહી નોંધ યોગ્ય અને બરાબર હોય આજની સભાએ સર્વાનુમતે બહાલી આપવા સર્વાનુમતે
ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામ નં.૨ સભ્યશ્રીઓના રજાના રીપોર્ટ મંજુર કરવા બાબત
ઠરાવ નં.૨ આજ રોજની સભામાં કોઇ સભ્યશ્રીનો રજા રીપોર્ટ આવેલ ના હોય રજા મંજુર કરવાનો પ્રશ્ન રહેતો નથી. જેની આજની સભાએ નોંધ લીધી છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩ આવેલ અરજીઓનું વાંચન કરવા બાબત.
ઠરાવનં ૩ આજ રોજ મળેલ સભા સમક્ષ નીચે મુજબની અરજીઓનું વિગતે વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ
અરજીવાર નીચે મુજબના ઠરાવ કરવા નિર્ણયો કર્યા.

કામનં ૩/૧ રજીદ થી મિલ્કતો નામફેર કરવા માટેની અરજીઓ વાંચને લઇ યોગ્ય નિર્ણયો ઠરાવો કરવા બાબત.
ઠરાવનં ૩/૧ આજ રોજ મળેલ સભા સમક્ષ રજીદ આધારે નામફેર કરવા આવેલ અરજીઓનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભા ચર્ચા વિચારણા કર્યા બાદ નીચે મુજબના રજીદ આધારે નામફેર કરવા સર્વાનુમતે ઠરાવે છે.

| અનુ | રજીદ થી વેચાણ લેનાર | રજીદ થી વેચનાર | રજીદ નંબર તારીખ | મિલ્કત નંબર સ્થળ ઓળખ (નવો નંબર) |
|---|---|---|---|---|
| ૧ | સારિકા કિરણ ગુર્જર | પ્રમોદકુમાર સાંવરમલ પોદ્દાર | ૧૬૩૦ તા ૧૨/૦૨/૨૦૨૫ | બ્લોકનં ૧૩૩ અવધ કિમ્બર્લી પ્લોટનં ૩૧,૩૧/એ,૩૧/બી,૩૧/સી મકાનનં ૩૧ મિ.નં ૨૮૮૮ (૧૦૧૦૭) |
| ૨ | આફતાબ આલમ જમીલ અહમદ | રશીકભાઇ બાબુભાઇ પાનસુરીયા | ૨૦૪૨ તા: ૨૧/૦૨/૨૦૨૫ | બ્લોકનં ૫૨૬પૈ૧ યોગીદર્શન સોસા. પ્લોટનં ૬૭ થી ૭૦ આયોજિત યોગીરાજ રેસીડેન્સી એ ફ્લેટનં ૩૦૧ મિ.નં ૨૩૮૭/૩/૧(૬૩૭૯) |
| ૩ | રાકેશ અરવિંદભાઇ મૈસુરીયા | પ્રસાદ તુષારભાઇ પારખે | ૧૪૫૨ તા.૦૬/૦૨/૨૦૨૫ | સિધ્ધેશ્વર પાર્ક(મિ.નં ૮૧૦/૧, ૮૧૧, ૮૪૭, ૮૪૯,૮૫૦) ઇ-ફ્લેટ-૧૦૨ મિ.નં ૨૬૫૪/૫૭(૭૭૭૭) |
| ૪ | મીતકુમાર મુકેશભાઇ જારોલી | શર્મા સંતોષબેન બનવારીલાલ | ૧૨૪૪૬ તા ૨૫/૧૧/૨૦૨૪ | ગામતળ બાવીસી ફળિયું ખુલ્લી જમીન મિ.નં ૭૧૨/૭૧૩(૧૦૮૪) |
| ૫ | અરવિંદભાઇ કાનભાઇ પરમાર<br>વિલાસબેન અરવિંદભાઇ પરમાર | યોગેશ સુભાષ બોયલ | ૧૯૩૧ તા ૧૯/૦૨/૨૦૨૫ | બ્લોકનં ૨૧૬ હાઇવે મકાન મિ.નં ૧૪૬૭(૨૧૫૯) |
| ૬ | આશા શિવ ચરળ સાહૂ | હિરલભાઇ રમણીકભાઇ કાકડીયા, રીનાબેન સંજયભાઇ માંગરોળીયા, રંજીતાબેન ઉમેશભાઇ કાકડીયા, રેખાબેન જગદિશભાઇ જસાણી | ૧૨૬૯૬ તા.૧૫/૦૯/૨૦૨૩ | બ્લોકનં ૫૨૬/પૈકી ૧ પ્લોટનં ૨૯ થી ૩૪ દુકાનનં ૪ મિ.નં ૨૭૬૪/૪ (૯૬૫૯) |
| ૭ | આશા શિવ ચરળ સાહૂ | હિરલભાઇ રમણીકભાઇ કાકડીયા, રીનાબેન સંજયભાઇ માંગરોળીયા, રંજીતાબેન ઉમેશભાઇ કાકડીયા, રેખાબેન જગદિશભાઇ જસાણી | ૧૨૬૯૭ તા.૧૫/૦૯/૨૦૨૩ | બ્લોકનં ૫૨૬/પૈકી ૧ પ્લોટનં ૨૯ થી ૩૪ દુકાનનં ૩ મિ.નં ૨૭૬૪/૩ (૯૬૪૮) |

| | | | | |
|---|---|---|---|---|
| ૮ | રામચંદ્ર ચિંકુ યાદવ | શક્તિ કોર્પોરેશન ના ભાગીદાર બિપીનભાઇ લાલજીભાઇ ગઢીયા | ૭૭૫૨ તા ૦૮/૦૭/૨૦૨૪ | બ્લોકનં ૨૧૪/અ, શક્તિ રેસીડેન્સી દુકાનનં ડી/૭, મિ.નં ૧૯૯૬/૭(૪૮૫૯) |
| ૯ | ટીમોલ અતાઉર્રહમાન ફારુક મોહમદતલ્હા ફારુકઅહમદ ટીમોલ | પરેશભાઇ હસમુખભાઇ મૈસુરીયા | ૧૬૯૬ તા ૧૩/૦૨/૨૦૨૫ | ગામતળ મેઇન રોડ ગ્રા.ફ્લોર દુકાનનં ૯ મિ.નં ૯૫૧/૯ (૧૫૨૮) |
| ૧૦ | સરવૈયા પ્રાણવીરસિંહ ચંદનસિંહ | જિતેન્દ્રભાઇ શિવપુજનભાઇ ગુપ્તા | ૪૬૭ તા ૧૩/૦૧/૨૦૨૫ | બ્લોકનં ૧૩૩ અવધ કિમ્બર્લી પ્લોટનં ૧૯૭ મકાનનં ૩૪૬ મિ.નં ૩૨૦૩ (૧૦૪૨૨) |
| ૧૧ | એશ્વર્યા લલૈત પાલીવાલ | અશોકકુમાર રામધની મોર્યા<br>હિતેષ બળવંતરાય મોદી<br>નવીનચંદ્ર મોહનલાલ પટેલ<br>અરવિંદભાઇ ચતુરભાઇ પટેલ<br>સિધ્ધાર્થ ભવરલાલ શાહ<br>સવિતાબેન દિલીપભાઇ પટેલ<br>પલ્લવકુમાર દિલીપભાઇ પટેલ<br>વ્રત દિલીપભાઇ પટેલ | ૧૦૯૫૪ તા ૧૬/૧૦/૨૦૨૪ | બ્લોકનં ૫૧૩ ગ્લોબલ ઇન્ડસ્ટ્રીઝ પ્લોટનં ઇ-૧૦ મિ.નં ૨૧૦૧ (૧૦૬૮૪) |
| ૧૨ | મહેશકુમાર ભાવજીભાઇ ચનીયારા હર્ષદ અમરસિંહભાઇ ભીમાણી | મેસર્સ અનુપમ બિલ્ડકોન એક ભાગીદારી પેઢી ના ભાગીદારો | ૧૧૩૮૧ તા ૧૮/૧૦/૨૦૨૪ | બ્લોકનં ૫૪૫/અ અનુપમ આર્કેડ બીજોમાળ દુકાનનં ૨૨ મિ.નં ૨૨૧૦/૨/૨૨(૫૪૮૮) |
| ૧૩ | બેલા જીતેન્દ્રસિંઘ રાજપુત<br>જીતેન્દ્રસિંઘ લાલજીસિંઘ રાજપુત | દિલીપભાઇ ગોરધનભાઇ<br>ધીરૂભાઇ પરસોત્તમભાઇ<br>રાજેશભાઇ પરબતભાઇ<br>પરેશભાઇ મનસુખભાઇ | ૧૧૯૬૯ તા.૦૬/૦૮/૨૦૧૯ | બ્લોકનં ૫૨૬/પૈકી૧ યોગીદર્શન સોસાયટી, પ્લોટનં ૪૮ થી ૫૦ ફલેટનં ૧૦૨ મિ.નં ૨૬૨૧/૧૧(૭૧૦૦) |
| ૧૪ | લક્ષ્મીનિવાસાચારી ભગવતાચારી મિશ્રા | વિનય રાજેશભાઇ પોકળ | ૧૪૦૨૭ તા ૨૧/૧૦/૨૦૨૩ | બ્લોકનં ૫૨૬પૈ૧ પ્લોટનં ૬૦ થી ૬૨ યોગીદર્શન સોસાયટી દુકાનનં ૭ મિલકત નંબર ૨૬૨૦/૭ (૭૦૯૫) |

આમ, ઉપરોક્ત મુજબના ર૬દ આધારે દફતરે ફેરફાર કરવા સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામ નં ૩/૨ શ્રી ડો.મુકેશ કનુભાઇ વાઘેલા વિગેરે ની અરજી

ઠરાવ નં ૩/૨ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી ડો.મુકેશ કનુભાઇ વાઘેલા વિગેરે રહે: સુરત ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૨૦૧ વાળી જમીનમાં પડેલ પ્લોટ નંબર ૨ ડો.મુકેશ કનુભાઇ વાઘેલા અને ડો.ગીતા મુકેશ વાઘેલા એ દસ્તાવેજ નંબર ૧૧૯૩૧/૨૦૨૩ તા ૨૩/૦૮/૨૦૨૩ ના રોજ વેચાણ રાખેલ છે. જેમાં મકાનનું બાંધકામ કરી આકારણી કરવા અરજ કરેલ છે. સદર બાબતે ચર્ચા કરતાં આજની સભા ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની આકારણી કરવા આજની સભા ઠરાવે છે.. આ આકારણી કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલતના ઉપયોગ અને સેવા જળવાઇ રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલ્કતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલ્કત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. રસ્તા અને ગટરની સુવિધા માલિકે પોતે પૂરી પાડવાની શરતે સભાએ આજની સભા આકારણી રજીસ્ટરે દાખલ કરી નવો નંબર આપી આકારણી રૂ.૩,૦૦,૦૦૦/- કરી વેરા વસુલાત કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૩ શ્રી સુર્યકાંત છગનલાલ મિસ્ત્રી ની અરજી

ઠરાવનં ૩/૩ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી સુર્યકાંત છગનલાલ મિસ્ત્રી ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર-૯૮૦(૧૬૦૬) કે જેમાં અરજદાર નું નામ સુર્યકાંત છગનભાઇ, તારામતી સુર્યકાંત મિસ્ત્રી ચાલે છે. પરંતુ તેમના પુરાવામાં સુર્યકાંત છગનલાલ મિસ્ત્રી નામ ચાલી આવેલ છે. જે સુધારો કરવા માટે અરજ કરેલ છે. અરજદારે રજૂ કરેલ પુરાવા આધારકાર્ડ, પાસપોર્ટ કોપી, પાનકાર્ડ માં નામ સુર્યકાંત છગનલાલ મિસ્ત્રી હોય મિલકત નંબર ૯૮૦(૧૬૦૬) માં અરજદાર ના નામમાં સુધારો કરી સુર્યકાંત છગનલાલ મિસ્ત્રી કરવા સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૪ શ્રી ભાવેશકુમાર રમણભાઇ પટેલ ની અરજી.

ઠરાવનં ૩/૪ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી ભાવેશકુમાર રમણભાઇ પટેલ ની અરજી નું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર- ૪૨૫(૭૦૦), ૪૨૬(૭૦૧) રમણભાઇ ભીખુભાઇ ના નામે આવેલ છે. જે શ્રી રમણભાઇ ભીખુભાઇ તારીખ:૦૯/૧૦/૨૦૨૪ ના રોજ અવસાન પામેલા છે. જેથી તેમના વારસોએ રમણભાઇ ભીખુભાઇ નું નામ કમી કરવા અરજ કરેલ છે. અને અરજી,પેઢીનામું તથા મરણના દાખલા રજૂ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ વારસાઇ કરવા નક્કી કર્યું. અને તેમના સીધી લીટીના વારસો બનાવેલ પેઢીનામા મુજબ બતાવેલા વારસોના નામ આ મુજબના છે. (૧)શ્રી ગંગાબેન રમણભાઇ પટેલ (પત્ની) હયાત (૨)શ્રી હિતેષકુમાર રમણભાઇ પટેલ (પુત્ર) હયાત (૩)શ્રી શોભનાબેન રમણભાઇ પટેલ (પુત્રી) હયાત (૪)શ્રી ભાવેશકુમાર રમણભાઇ પટેલ (પુત્ર) હયાત આમ હયાત વારસો ના નામ દાખલ કરવાનું થાય છે. આથી મિલકત નંબર- ૪૨૫(૭૦૦), ૪૨૬(૭૦૧) માં અનુ.નં (૧) થી (૪) હયાત વારસો ના નામ દાખલ કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૫ શ્રી વિશાલકુમાર જનકકુમાર ભટ્ટ ની અરજી.

ઠરાવનં ૩/૫ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી વિશાલકુમાર જનકકુમાર ભટ્ટ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર- ૨૮૦(૫૨૧), ૨૮૧(૫૨૨) (૧)શ્રી ઇન્દુબેન જનકકુમાર ભટ્ટ (૨)શ્રી દિપાલી જનકકુમાર ભટ્ટ (૩)શ્રી વિશાલકુમાર જનકકુમાર ભટ્ટ ના નામે આવેલ છે. જે પૈકી અનુ.નં (૧)શ્રી ઇન્દુબેન જનકકુમાર ભટ્ટ (૨)શ્રી દિપાલી

જનકકુમાર ભટ્ટ એ પોતાનો હક્ક ઉઠાવવા બાબતનો નોટરી (૧૮૨/૨૦૨૫ તા.૧૩/૦૧/૨૦૨૫ - બળવંત કે પરમાર) રૂબરૂ લેખથી શ્રી વિશાલકુમાર જનકકુમાર ભટ્ટ ની તરફેણ માં પોતાનો હક્ક હિસ્સો બિનઅવેજ થી ઉઠાવી લીધેલ છે. આથી મિલકત નંબર- ૨૮૦(૫૨૧), ૨૮૧(૫૨૨) માંથી અનુ.નં (૧) અને (૨) નું નામ કમી કરી સદર મિલ્કત શ્રી વિશાલકુમાર જનકકુમાર ભટ્ટ ના નામે કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૬ શ્રી કાંતિલાલ નારણલાલ સોની ની અરજી

ઠરાવનં ૩/૬ આજરોજની સભામાં શ્રી કાંતિલાલ નારણલાલ સોની ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ અરજદારે અરજીમાં જણાવ્યા અનુસાર ગ્રામ પંચાયત દફતરે મિલ્કત નંબર-૧૮૦૦/૧૦(૩૬૨૧) થી ચાલી આવેલ મિલ્કત શ્રી કાંતિલાલ નારણલાલ સોની ના સ્વતંત્ર નામે ચાલે છે. મજકુર મિલ્કતમાં તેઓના સીધી લીટીના વારસદારો બનાવેલ પેઢીનામા માં બતાવ્યા મુજબ (૧)શ્રી કલાબેન કાંતિભાઇ સોની (પત્ની) હયાત (૨)શ્રી બીજલબેન કાંતિભાઇ સોની (પુત્રી) હયાત (૩)શ્રી પિયુષકુમાર કાંતિભાઇ સોની (પુત્ર) હયાત (૪)શ્રી દિક્ષીત કાંતિભાઇ સોની (પુત્ર) હયાત નું નામ દાખલ કરવા અરજ કરેલ છે. તે માટે અરજદારે સામાયિકપણામાં નામ દાખલ અંગેનો કરાર નોટરીશ્રી બળવંત કે પરમાર રૂબરૂ ક્રમાંક ૮૦૮/૨૦૨૫ તારીખ: ૨૫/૦૨/૨૦૨૫ થી કરેલ છે. જે આજની સભામાં રજુ થતાં વંચાણે લેવામાં આવેલ છે.ગ્રામ પંચાયત દફતરે મિલ્કત નંબર-૧૮૦૦/૧૦(૩૬૨૧) થી ચાલી આવેલ અને શ્રી કાંતિભાઇ નારણલાલ સોની ની અરજી મંજુર કરી મિલ્કત નંબર-૧૮૦૦/૧૦(૩૬૨૧) વાળી મિલ્કતમાં કાંતિલાલ નારણલાલ સોની ની સાથે સહભાગીદારી માં (૧)શ્રી કલાબેન કાંતિભાઇ સોની (પત્ની) હયાત (૨)શ્રી બીજલબેન કાંતિભાઇ સોની (પુત્રી) હયાત (૩)શ્રી પિયુષકુમાર કાંતિભાઇ સોની (પુત્ર) હયાત (૪)શ્રી દિક્ષીત કાંતિભાઇ સોની (પુત્ર) હયાત નું નામ દાખલ કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૭ શ્રી મામલતદારશ્રી પલસાણા તરથી મળેલ દારપણાના દાખલા પર મળેલ સુચના

ઠરાવનં ૩/૭ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી મામલતદારશ્રી પલસાણા તરફથી મોજે: પલસાણા ગામે આવેલ મિલકત નંબર ૮૧૮/૧ (૧૨૩૧) શ્રી અનિલભાઇ અંબુભાઇ મિસ્ત્રી વિગેરે ના નામે આવેલ છે તેના પર પોતાના પુત્રના ઉચ્ચ અભ્યાસ હેતુથી દારપણાના દાખલા માટે રૂ.૫૦૦૦૦૦/- અંકે પાંચ લાખ પૂરા પુરાના જામીન થયેલ છે. સદર બાબતનો બોજો મજકુર મિલ્કત પર ઉત્પન્ન કરવા જણાવેલ છે. સદર બાબતે ચર્ચા કર્યા બાદ રૂ.૫૦૦૦૦૦/- અંકે પાંચ લાખ પૂરાના બોજાની નોંધણી સદર મિલકત પર કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૪ આવક જાવકના હિસાબને મંજુર કરવા બાબત.

ઠરાવનં ૪ આજ રોજ મળેલ સભા સમક્ષ માહે જાન્યુઆરી ૨૦૨૫ ના થયેલ આવક જાવકના હિસાબને વંચાણે લેવામાં આવ્યો. સભા સમક્ષ નીચે મુજબ હિસાબો રજુ કરવામાં આવ્યા.

| ૨૦૨૫ જાન્યુઆરી- આવક | | ૨૦૨૫ **જાન્યુઆરી** - જાવક | |
|---|---|---|---|
| આવક સદર | કુલ | જાવક સદર | કુલ |
| ઘરવેરો | ૧૪૧૨૭૩૫.૦૦ | પગાર ખાતે | ૧૩૧૧૨૦.૦૦ |
| જિ.પં કર | ૧૪૧૨૭૪.૦૦ | ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન | ૧૯૦૦૦૦.૦૦ |
| લાઇટવેરો | ૯૦૬૩૦.૦૦ | પાઇપલાઇન સામાન/રીપેરીંગ | ૧૦૮૪૦૦.૦૦ |
| પાણીવેરો | ૫૦૭૦૦.૦૦ | ટી ડી એસ સ્વભંડોળ | ૧૧૪૬૬.૦૦ |
| સફાઇવેરો | ૧૯૩૭૮૫.૦૦ | જી એસ ટી સ્વભંડોળ | ૨૨૯૩૨.૦૦ |
| વ્યવસાયવેરો R.C | ૧૯૮૧૩૩૦.૦૦ | લેબર શેષ | ૧૩૫૩૦.૦૦ |
| વ્યવસાયવેરો E.C | ૫૪૦૦.૦૦ | ટેલિફોન બીલ | ૧૦૦૨.૦૦ |
| કેબીન ભાડું | ૨૨૦૦૦.૦૦ | ઓફિસ સાદીલવાર | ૧૮૧૧.૦૦ |
| ગટરવેરો | ૮૯૬૦૦.૦૦ | ગ્રામ સફાઇ ખાતે | ૭૮૪૦૦.૦૦ |
| માર્કેટ ભાડું | ૬૮૧૦.૦૦ | ગટર સફાઇ ખાતે | ૯૫૯૦૦.૦૦ |
| તાલુકા પંચાયત કર | ૬૨૨૯૩.૦૦ | લાઇટ બીલ ખાતે | ૧૯૬૨૮૯.૦૦ |
| લગ્ન નોંધણી ફી | ૨૨૫.૦૦ | લાઇટ સામાન/રીપેરીંગ ખર્ચ | ૪૬૩૦૦.૦૦ |
| નકલ ફી | ૧૪૩૨૪.૦૦ | સી સી ટીવી કેમેરા નિભાવણી | ૧૦૭૧૯૭.૦૦ |

| | | | |
|---|---|---|---|
| એડવાન્સ વેરો | -૫૪૯૯.૦૦ | જે સી બી થી કચરા સફાઇ નું કામ | ૯૧૦૦૦.૦૦ |
| જમીનભાડું | ૩૦૦૦.૦૦ | પરચુરણ ખર્ચ | ૧૫૦૦૦.૦૦ |
| બેંક વ્યાજ | ૧૬૨૯૨૧.૦૦ | પર્વ ઉજવણી | ૯૬૮૦.૦૦ |
| | | જન્મ મરણ નોંધણી | ૧૧૦.૦૦ |
| | | લગ્ન નોંધણી | ૩૬૦૦.૦૦ |
| | | વારી ગૃહ ખાતે | ૪૫૯૯૦.૦૦ |
| **કુલ** | ૪૨૩૧૫૨૮.૦૦ | **કુલ** | ૧૧૬૯૭૨૭.૦૦ |
| **ઉઘડતી સિલ્લક** | ૨૨૧૫૮૯૫૯.૭૦ | **બંધ સિલ્લક** | ૨૫૨૨૦૭૬૦.૭૦ |
| **કુલ એકંદર** | ૨૬૩૯૦૪૮૭.૭૦ | **કુલ એકંદર** | ૨૬૩૯૦૪૮૭.૭૦ |

ઉપર મુજબના હિસાબો આજની સભામાં વંચાણે લઇ ચર્ચા વિચારણા કરવામાં આવી. ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવેલ ખર્ચ દર્શાવેલ કામો અને ખરીદેલ માલસામાન ની ગ્રામ પંચાયત પલસાણા ને ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ-૯૯ અનુસૂચિ-૧ મુજબના કામો અને ફરજો બજાવવા કરવો જરૂરી હતો. આવક અને થયેલ કામો તથા ખરીદેલ વસ્તુઓના પ્રમાણમાં ખર્ચ વ્યાજબી હોઇ આજની સભા પુખ્ત ચર્ચા પરામર્શના અંતે માહે જાન્યુઆરી - ૨૦૨૫ માસનો આવક ખર્ચના હિસાબો સર્વાનુમતે મંજૂર કરવા ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૫ ખર્ચના બિલોના વંચાણે લઇ બહાલી/મંજુરી આપવા બાબત
ઠરાવનં ૫ આજની સભામાં ગ્રામ પંચાયત પલસાણા દ્વારા હાથ ધરવામાં આવેલ વિકાસના કામો તથા ખરીદ કરેલ માલ સામાન તથા સફાઇ કામગીરી તથા રીપેરીંગના કામો, જેસીબી/ટ્રેકટરનું કામ, મેટલ રોડના કામો, ડામર રોડના કામો, પેવર બ્લોક/આર.સી.સી.રોડના કામો, ગટરલાઇનના કામો, પીવાના પાણીની નવી લાઇન નાંખવા તથા રીપેરીંગના કામો અને સ્ટ્રીટલાઇટ રીપેરીંગ અને નવી લાઇટોના કામો વિગરે,પેવરબ્લોક રીપેરીંગ કામ બીલોનું વિગતે વાંચન કરવામાં આવ્યું. તેમાં બતાવેલ ખર્ચ ગ્રામપંચાયત દ્વારા કરવામાં આવેલ કામો અને ખરીદવામાં આવેલ માલસામાન તથા વિકાસ કામો માટેનો છે. જે દર્શાવેલ વિગતનો ખર્ચ પંચાયતે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૯૯ ની અનુસુચિ ૧ મુજબના કામો અને ફરજો બજાવવા કરવો જરૂરી હતો અને થયેલ ખર્ચ કામના પ્રમાણમાં બરાબર છે. તથા કામો એકદંરે સંતોષકારક રીતે પૂર્ણ થયેલ છે. સબબ આ બાબતે પુખ્ત ચર્ચા વિચારણાના અંતે તમામ બિલો તથા અન્ય વહીવટી ખર્ચ તથા વિકાસ કામોના બીલો આજની સભામાં મંજૂર રાખી ચુકવણું કરવા તથા ખર્ચ થયેલ બીલોને બહાલી આપવા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૬ વિકાસ કામોની ચર્ચા કરવા બાબત
ઠરાવનં ૬ આજની સભામાં વિકાસના કામ બાબતે ચર્ચા કરતા અગાઉના જે વિકાસના કામો કરવાના બાકી છે. તે તાત્કાલીક પૂર્ણ કરવા આજની
સભા ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૭ પ્રમુખ સ્થાનેથી રજૂ થતા કામો બાબત.
ઠરાવનં ૭ આજની સભામાં પ્રમુખ સ્થાનેથી કોઈ કામો રજુ કરવામાં આવેલ નથી. જેની આજની સભાએ નોંધ લીધેલ છે. .

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

આમ, ઉપરોક્ત કાર્યવાહી મુજબ એજન્ડા મુજબના કામો પૂર્ણ થતા હાજર રહેલ તમામ સભ્યશ્રીઓનો આભાર માની સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.

નકલ રવાના:-
(૧) પ્રતિ,
સરપંચશ્રી, ઉપસરપંચશ્રી અને સભ્યશ્રીઓ તમામ
ગ્રામ પંચાયત પલસાણા, તા.પલસાણા તરફ
૨/- જાણ થવા સારૂ

નકલ સવિનય રવાના:-
(૧) પ્રતિ,
મહે. તાલુકા વિકાસ અધિકારી સાહેબ,
તાલુકા પંચાયત કચેરી પલસાણા તરફ
૨/- જાણ તથા યોગ્ય કાર્યવાહી સારૂ.